EDII

Divyabhaskar

June 18, 2018
Business Bhaskar
Page No.3

## સીએસઆર દેશનાં વિકાસલક્ષી લક્ષ્યાંકો અને પ્રાથમિકતાઓ પૂર્ણ કરવા માટેનું માધ્યમ બની શકે

# CSR: કંપનીને ગેરલાભ ઉઠાવવા મોકળું મેદાન બને ત્યારે

સ્ટાર્ટઅપ ટોક
ડો. ઈશ્વરકુમાર

કેટલાંક લોકોનું માનવું છે કે કોઈ પણ ઉચિત માપદંડ વિના સીએસઆરનાં પરિણામો વિશે અતિશયોક્તિ થઈ રહી છે. અત્યારે તમે સીએસઆર પાછળ થતાં ખર્ચા અને તેમાંથી પ્રાપ્ત થતાં પરિણામો વચ્ચે સીધો સંબંધ સ્થાપિત કરી શકતાં નથી. દેશ માટે આ સીએસઆર ખર્ચામાંથી પ્રાપ્ત થતાં પરિણામો મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે સરકારે નોટિફાઈ કરેલી ચોક્કસ કંપનીઓનાં ચોખ્ખા નફાની 2 ટકા કરવેરાને પાત્ર રકમ છે, જેને કાયદાનાં પરિશિષ્ટ 7માં ઉલ્લેખિત પ્રવૃત્તિઓ પર ખર્ચ કરવામાં આવે છે, જેનાથી કોર્પોરેટ માટે કરવેરાની જવાબદારીઓમાં વધારો થયો છે. એટલે તેને સમાજને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ તરફ દોરી જતી પ્રવૃત્તિઓ હાથ ધરવા કોર્પોરેટ ખર્ચને સરકાર અને કોર્પોરેટ ક્ષેત્ર વચ્ચે જવાબદારીઓ અને ફરજિયાત કામગીરીઓનું આદાનપ્રદાન અને વહેંચણી તરીકે ન જોવી જોઈએ. તેનાં બદલે સીએસઆર દેશનાં વિકાસલક્ષી લક્ષ્યાંકો અને પ્રાથમિકતાઓ પૂર્ણ કરવા માટેનું માધ્યમ બની શકશે. પણ જે રીતે સીએસઆર પ્રોજેક્ટ અને પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે એ જોતાં એવું લાગે છે કે કોર્પોરેટ ક્ષેત્ર હજુ પણ માને છે કે સીએસઆર ખર્ચ સમાજને કશું આપવાની સારી જવાબદારી હોવાને બદલે સરકારે તેમનાં શિરે ફરજિયાતપણે લાદેલી કામગીરી છે.




તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક અભ્યાસ મુજબ, ભારતીય કંપનીઓ સીએસઆર પ્રવૃત્તિઓ પાછળ આશરે રૂ. 9,000 કરોડનો ખર્ચ કરે છે, જેમાં મુખ્યત્વે શિક્ષણ, કૌશલ્ય વિકાસ, હેલ્થકેર અને પર્યાવરણની સ્થિરતા જેવા ક્ષેત્રો પર વધારે ખર્ચ કરવા ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. મોટા ભાગની કંપનીઓ આ પ્રકારની પ્રવૃત્તિઓને વનટાઈમ પ્રોજેક્ટ તરીકે કરે છે અને પછી તેને અભેરાઈ પર ચઢાવી દે છે તથા કાયદાનું પાલન કરવા માટે આગામી વર્ષે તેને ફરી શરૂ કરે છે. આ પ્રકારનાં વનટાઈમ પ્રોજેક્ટ કાયદાની મર્યાદાઓનો સંકેત આપે છે. સીએસઆર કાયદો સંદિગ્ધ કે અસ્પષ્ટ છે તથા મેનેજરો અને કોર્પોરેટ આગેવાનો પોતાની રીતે તેનું અર્થઘટન કરી શકે છે. એટલે કંપનીની વ્યૂહાત્મક પ્રાથમિકતામાં અને મેનેજરની યોજનામાં જે બંધ બેસે તેનો સીએસઆર યોજનાઓ મારફતે અમલ થાય છે. આ વિકાસલક્ષી લક્ષ્યાંકો અને પ્રાથમિકતાઓ હાંસલ કરવામાં ગંભીર મર્યાદાઓ ઊભી થઈ શકે છે, કારણ કે ફંડની ફાળવણી મોટા ભાગે શિક્ષણ, કૌશલ્ય વિકાસ, હેલ્થકેર અને પર્યાવરણ સંરક્ષણ જેવા ક્ષેત્રો માટે જ થાય છે. એટલું જ નહીં માનવીય અને વિકાસલક્ષી સૂચકાંકોની દ્રષ્ટિએ હંમેશા શ્રેષ્ઠ રહેલાં રાજ્યોમાં ફંડનો ઉપયોગ વધારે થાય છે. એટલે તેનાથી દેશનાં અમુક નિશ્ચિત વિસ્તારોનો જ વિકાસ થવાનું જોખમ હોવાની સાથે પ્રાદેશિક વિષમતા કે અસમાનતા પણ ઊભી થઈ શકે છે, જેને દૂર કરવા નીતિનિર્માતાઓએ સીએસઆર માર્ગે વિકાસની પ્રક્રિયામાં કોર્પોરેટને જોડવાનો વિચાર કર્યો હતો.

(લેખકઃઆસિસ્ટન્ટ ફેકલ્ટી, ઈડીઆઈઆઈ છે)

### સીએસઆરના છીંડાઓ પૂરવા જરૂરી...

- કંપનીઓ સીએસઆર પ્રવૃત્તિઓ પાછળ આશરે રૂ. 9,000 કરોડનો ખર્ચ કરે છે
- મુખ્યત્વે શિક્ષણ, કૌશલ્ય વિકાસ, હેલ્થકેર અને પર્યાવરણ જેવા ક્ષેત્રો પર વધારે ખર્ચ થાય છે
- મોટા ભાગની કંપનીઓ આ પ્રકારની પ્રવૃત્તિઓને વનટાઈમ પ્રોજેક્ટ તરીકે કરે છે અને પછી તેને અભેરાઈ પર ચઢાવી દે છે
- કાયદાનું પાલન કરવા માટે આગામી વર્ષે તેને ફરી શરૂ કરે છે. આ પ્રકારનાં વનટાઈમ પ્રોજેક્ટ કાયદાની મર્યાદાઓ છે.
- સીએસઆર કાયદો સંદિગ્ધ કે અસ્પષ્ટ છે તથા મેનેજરો અને કોર્પોરેટ આગેવાનો પોતાની રીતે તેનું અર્થઘટન કરે છે
- કંપનીની વ્યૂહાત્મક પ્રાથમિકતામાં અને મેનેજરની યોજનામાં જે બંધ બેસે તેનો જ અમલ થાય છે
- વિકાસલક્ષી લક્ષ્યાંકો-પ્રાથમિકતાઓ હાંસલ કરવામાં ગંભીર મર્યાદાઓ ઊભી થઈ શકે છે.